કારકિર્દી સાથે સંલગ્ન જીવનના ધ્યેય નિર્ધારિત કરીને તેના અંગેની ચિંતાને ટાળો

માર્ગદર્શન
- પાયલ ચનનિયા

તમે તમારી પસંદગીના ક્ષેત્રોમાં કામ કરતાં હોવ અને તમારી પસંદગીની નોકરી મેળવી હોય તો તમે ખરેખર નસીબદાર લોકોમાંના એક છો. તમારી કારકિર્દી જબરજસ્ત છે અને તમે ખુશ, સંતોષપ્રદ છો અને પડકારો ઉઠાવો છો. પણ આ બધુ ત્યાં સુધી છે જ્યાં સુધી તમને સળંગ ૧૨ વર્ષ સુધી કામ કર્યા બાદ ધીમેધીમે અસુખ લાગવા માંડે. કમનસીબે તમે તમારા કામમાંથી આનંદ ઉઠાવવાનું ગુમાવી ચૂક્યા છો અને તમને કંટાળાની લાગણી થઈ રહી છે. કામની એકના એક પ્રકારની તરાહથી તમે પૂરેપૂરા આશ્વસ્ત થઈ ગયા હોઈ કંટાળાની લાગણી અનુભવો છો. તમને કામનો રીતસરનો ઢસરડો કરતાં હોય તેમ લાગી રહ્યું છે અને તમારા માટે નોકરીનો સમય પૂરો કરવો ઉત્તરોતર મુશ્કેલ થઈ રહ્યું છે. આમ હવે તમે ખુશ નથી.

દરેકની કારકિર્દીમાં ઉતારચઢાવ આવતાં જ હોય છે, કોઈપણ કામ પ્રારંભ કરતી વખતે જે ઉત્સાહ હોય છે તે કામ પૂરું થાય ત્યારે રહેતો નથી. તેની પાછળનું કારણ એક જ છે કે તમારું કામ એકસરખું અને બીબાઢાળ થઈ ગયું હોય છે. તેમાં કોઈપણ પ્રકારની વિવિધતા રહી નથી. પણ આ સંરક્ષિત હતાશા તમને કામથી અલિપ્ત કરે છે, નિરાશ કરે છે અને તમે તેના પ્રત્યે એકદમ નિરાશાની લાગણી અનુભવો છો.

કારકિર્દીમાં આવતી આ પ્રકારની સ્થિતિને મિડ-કેરિયર કટોકટી કહેવાય છે. હાઈ એચિવર્સમાં આ બાબત સામાન્ય છે. પણ જો આ બાબત તમારા મગજમાં સવાર થઈ જાય તો તમે જે કારકિર્દી ઈચ્છો છો અને જે કારકિર્દી તમારી પાસે હોય છે તેમાં નોંધપાત્ર તફાવત જોવા મળે છે. તેના લીધે તમને હંમેશા લાગ્યા કરે છે કે તમને યોગ્ય નોકરી મળી નથી. તમને આ કામ પર ધકેલી દેવાયા છે. વાસ્તવમાં તો ઘણી વખત એવું બનતું હોય છે કે તમે તમારી નોકરીને ધિક્કારતા હોવ છો પરંતુ તેનું શું કરવું તે કલ્પી શકતા નથી.

સૌથી સામાન્ય કારણ એ છે કે તેજસ્વી આંખ ધરાવતા યુવાનોને તાત્કાલિક નોકરી મળી જાય છે અને તેઓ ખૂબ જ ઝડપથી ઊંચાઈએ પહોંચી જાય છે તથા સફળતા મેળવે છે. પણ તેઓ ત્રીસીથી ચાલીસની વચ્ચે કારકિર્દીના મધ્યાહ્‌ને પહોંચે છે ત્યારે તેઓને કંઈક ખૂટી રહ્યું હોય તેમ લાગે છે. તેમને આ પ્રકારની થતી લાગણીનું કારણ એ છે કે તેઓ તેમની કારકિર્દીના ધ્યેયને જીવનના ધ્યેય સાથે જોડી શક્યા નથી. હવે તેઓ બધુ પૂરું કરીને નિવૃત્ત થવા ઈચ્છે છે. આમ જેઓ જે નોકરી સાથે વર્ષો સુધી સંકળાયેલા રહ્યા તેમાથી અચાનક જ નિવૃત્તિ ઈચ્છે છે.

ટોચના લેખકે લખ્યું છે કે મિડ-કેરિયર કટોકટી જીવનમાં મધ્યાહ્‌ને આવતી કટોકટી જેવી છે. તેના કોઈ ચોક્કસ પરિબળો કે કારણો હોતા નથી. વાસ્તવમાં તે વ્યક્તિની લાગણીજન્ય બાબતના પરિણામ પર આધારિત છે. તેની સાથે તે જે પ્રકારના વાતાવરણમાં કામ કરે છે અથવા બંનેના સંયુક્ત પરિબળો પર તેનો આધાર છે. જો તમે કમનસીબે કારકિર્દીના મધ્યાહ્‌નની કટોકટીનો ભોગ બન્યા હોય તો વિચારો કે તમે આગામી પંદર વર્ષ કોઈ ભ્રમણામાં, લાગણીઓ કચડીને, સહન ન શકાય તેવા તનાવભર્યા વાતાવરણમાં જીવી શકશો.

તમે ઈચ્છો તેવું જીવન સર્જો સાચા પગલાનો પ્રારંભ ત્યારે જ થાય છે જ્યારે તમે કંઈક ખોટું બન્યું હોવાની વાતને સ્વીકારો છો. બેઠા-બેઠા પોતાના કમનસીબને કોસવાના બદલે શાંતિથી બેસીને તમારા જીવનની અને કારકિર્દીની સમીક્ષા કરો. તમારા માટે સૌથી વધારે બાબત કઈ મહત્ત્વની છે, તમે શું ઈચ્છો છો અને શા માટે તે અંગેની ખોટ સાલે છે તેનું અવલોકન કરો. તમારી ક્ષમતાઓ, રસ, હિતો, પ્રતિભા અને સંભાવનાઓ તમારા કામકાજ સાથે મેચ થાય છે કે નહીં તે જુઓ.

તમે હવે કયા પ્રકારની પહેલની જરૂરિયાત છે તે જોઈ તેના સંદર્ભમાં પગલાં લઈ શકો છો. કારકિર્દી પ્રત્યે તમારા ઉત્સાહ, ઊર્જા અને પ્રતિબદ્ધતાને પુનઃ પ્રજ્જ્વલિત કરવા આયોજન કરી શકો છો. હવે તમારે તમારું કામ વધારવા અને કારકિર્દીને પુનઃ ચેતનવંતી બનાવવા નવા વિકલ્પો શોધવાનો પ્રયત્ન કરવો જોઈએ. તમે આની ચર્ચા તમારા બોસ અને સુપરવાઈઝર સાથે કરી શકો છો તથા તેના અંગે મજબૂત સૂચનો પણ કરી શકો છો. તેઓ કદાચ તમને ઉપયોગી વિકલ્પો પૂરા પાડી શકે છે.

તમારા કામની પુર્નરચના કરવી, સમય થોડો સ્થિતિસ્થાપક રાખવો, વધારાની જવાબદારી ઉઠાવવી, નવી વર્ક ટીમમાં જોડાવવું, કામકાજનો નવો અનુભવ મેળવવો અને છેલ્લા ઉપાય તરીકે ટ્રાન્સફર લેવા જેવા ફેરફારો તમે કરી શકો છો. તમે વધુમાં શિક્ષણ તરફ વળી શકો અથવા ઉપલબ્ધ તાલીમ કાર્યક્રમોનો ઉપયોગ કરીને પોતાના કૌશલ્યમાં વધારે નિખાર લાવી શકો છો.

તમારાથી નાના સહકાર્યકરને પણ તમારો આદર્શ બનાવી શકો છો અથવા તમારા કામના સંદર્ભમાં તમારો મિજાજ બદલવા માટે બહારના કોઈ શોખને પણ અપનાવી શકો છો. ટૂંક સમયમાં જ તમારી બેટરી ફરીથી ચાર્જ થઈ જશે. એકબાજુએ તમને તમારા સંગઠનમાં નવી તકો મળતી નથી તો આ ફેરફારો સંભવતઃ તમારા માટે ઉપયોગી ન પણ નીવડે. વાસ્તવમાં એવું બનતું હોય છે કે તમે તમારી નોકરી કરતાં ઘણા આગળ નીકળી જતાં હોવ છો.

આ પ્રકારની પરિસ્થિતિ આવવાનું બીજું કારણ તમે જે ઈચ્છો છો અને તમારી પાસે છે તેના વચ્ચેનો તફાવત છે. આનો એકમાત્ર ઉકેલ ગીયર બદલીને બીજે કૂદકો જ મારવાનો છે. તમારે તમારી દિશા નવી કારકિર્દી તરફ વાળવી જોઈએ. આ બાબત તમારા સ્વપ્ના પૂરા કરવા અને તમારા આનંદદાયી જીવન માટે ઉપયોગી નીવડી શકે.

પણ કારકિર્દીના મધ્યાહ્‌ને તેમાં ફેરફાર કરવો વાસ્તવમાં એકદમ ડરાવનારી બાબત છે. આ સંદર્ભમાં તમારે બહુ મોડું થઈ ગયું અથવા બહું ઉંમર થઈ ગઈ તેવો વિચાર પણ કરવો જોઈએ નહીં. તેના બદલે તમારી ક્ષમતા પર ભાર મૂકવો જોઈએ તથા તમારા કામની બહારની તમારી કાર્યપ્રવૃત્તિઓ તથા હિતોનું નિરીક્ષણ કરવું જોઈએ. તેના આધારે નવી સંભાવનાઓનો વિકાસ કરીને કારકિર્દીને નવી દિશામાં પૂરપાટ વેગે હંકારવી જોઈએ.

આમ કોઈએ યોગ્ય જ કહ્યું છે કે તમારા જીવનને તમારી નોકરીમાં ફિટ કરી દેવાના બદલે તમારી કારકિર્દીનો કાર્યકાળ લંબાવવાના માર્ગો શોધવા જોઈએ, જે તમારા જીવનમાં તમારી નોકરીને ફિટ કરી શકે.

નવી કલમે

ગામની ધરતીનો સાદ

ચાલ મગન અહીંથી કરીએ ગમન
શહેરમાં નથી લાગતું મારું મન
યાદ આવે છે ગામડાનું સુખી જીવન
દૂધ, ઘી, રોટલો, છાસ સીધું સાદું ભોજન
ચાલ મગન અહીંથી કરીએ ગમન

ખેતરની માટીની મીઠી મીઠી સુગંધ
વૃક્ષોની હરિયાળી મોહીલે મન
નિખાલસ ભોળાં માનવીનાં મન
ચોરે ભેગા મળી સુણીએ ભજન
ચાલ મગન અહીંથી કરીએ ગમન

નહેરના નીરથી ખેતરોને મળ્યું નવજીવન
ખેતી કરી, ખંતથી પાક્યું મબલખ અન્ન
શ્રમ અને શ્રધ્ધાથી ઉજળું જીવન
ગામ હવે આપણું બન્યું નંદનવન
ચાલ મગન અહીંથી કરીએ ગમન

– યુસુફભાઈ કાવીવાલા (વડોદરા)

રમુજી જોક્સ

સરદાર સ્કૂલમાં હસ્તો હતો ત્યારે બીજા છોકરાએ તેને કહ્યું ચુપ રહે.
સરદારે પૂછ્યું કેમ તૂ કોણ છે?
તે છોકરાએ કહ્યું હું મોનીટર છું,
સરદાર કહે 'હું' સી.પી.યુ. છું,

•

પોલીસઃ તુ સડક પર ચાલે છે તો હાથમાં નોટ બુક શા માટે રાખે છે.
રાહદારીઃ એટલા માટે કે ચાલતા ચાલતા જો હું કોઈ મોટરની નીચે ચગદાઈ જાઉ તો તેનો નંબર લખી શકું.

•

કર્ફયુમાં એક બાળક બહાર નીકળ્યું તો પોલીસે બાળકને કહ્યું તું અહીંયા શું કરે છે, તો બાળકે કહ્યું તું અહીંયા શું કરે છે?
પોલીસઃ મારી તો અહીંયા ડ્યુટી છે.
બાળકઃ શર્ટ ઉંચું કરીને કહ્યું મારી પણ અહીંયા ડૂંટી છે.

– ગઢિયા નૂરમોહંમદ (જૂનાગઢ)

જો તમે પણ તિરછી નજરે વિભાગમાં રમૂજી જોક્સ, એસ.એમ.એસ., ગઝલ કે પછી અન્ય કોઈ જાણવા જેવી માહિતી મોકલવા માંગતા હો તો નીચેના સરનામે અમને મોકલી આપો.

સંપાદક (રવિ સામાયિક)
ગુજરાત ટુડે
૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ - ૩૮૦૦૨૮.
e-mail : gujarattodaydaily@yahoo.com
gujarattodaydaily@gmail.com

ઉદાસીનતા

પીડા પ્રત્યે ચૂપકિદી જાળવીને તેઓ પોતાની જ રાજકીય ફરજ ચૂકી રહ્યા છે.

આજે દેશનો એકપણ ખૂણો એવો નથી જ્યાંની પ્રજાની એ ફરિયાદ ન હોય કે નેતાજી ચૂંટણી બાદ તો એવા ગુમ થઈ ગયા છે કે હવે તો તેમનો ચહેરો પણ યાદ નથી રહ્યો. ઉદાહરણ સ્વરુપે કાશ્મીરમાં તાજેતરની હિંસામાં ૬૧ નાગરિકોના જીવ હોમાયા છે અને તેમાં પણ સૌથી નાની વયના મૃતકની ઉંમર માત્ર ૮ વર્ષની હતી. આવામાં ભારતીય રાજકારણીઓ પોતાની ચૂપકિદીને કેવીરીતે યથાર્થ ઠેરવી શકે તે બાબત મને સમજાતી નથી. આ હિંસાનો ખેલ ખેલાઈ રહ્યો હતો ત્યારે રાજ્યના યુવા અને તેજતર્રાર મુખ્યમંત્રી ક્યાં હતા? તેમણે તો હોસ્પિટલની મુલાકાત પણ ત્યારે જ લીધી જ્યારે ત્યાં લાશોના ઢગ ખડકાઈ ચૂક્યા હતા અને ઈજાગ્રસ્તો માટે ખાટલા ખૂટી પડ્યા હતા. આ કટોકટી બે મહિના સુધી ચાલી ત્યારપછી વડાપ્રધાને પણ બાર વરસે બાવો બોલે તેવો ઘાટ સર્જીને બે વાક્યમાં બધું પતાવી દીધું. પ્રજાની સમસ્યાઓ પરત્વે રાજકારણીઓની આવી ઉદાસીનતા માત્ર અને માત્ર ઘોર નિરાશાની લાગણી જ જન્માવે છે.

એટલું જ નહીં, ક્યારેક આપણા નેતાજીઓ બોલે પણ છે પણ તેનો ઉદ્દેશ પોતાના હરિફ નેતાના અવાજને ડામવા મોટા બરાડા પાડવાનો જ હોય છે. આવામાં એટલોબધો ઘોંઘાટ થાય છે કે કશું સંભળાતું જ નથી. સરકારની નકસલવાદી વિરોધી નીતિના મુદ્દે ખુદ શાસક યુપીએના ઘટકોમાં જામેલો વિવાદ આનું સર્વોત્તમ ઉદાહરણ છે. મણિશંકર ઐયર અને દિગ્વિજયસિંહ સરકારની નીતિઓના જાહેરમાં છડેચોક વિરોધ કરી રહ્યા છે ત્યારે રેલવેની જ ઘોર ખોદી રહેલા માઓવાદીઓની સભાઓ સંબોધવા રેલવે મંત્રી મમતા બેનરજી અધીરા બની જાય છે અને આ સભાઓમાં ગૃહ મંત્રાલયની નીતિઓને જ વખોડવા માંડે છે. કદાચ તેઓ એ ભૂલી જાય છે કે આ વખતે તેઓ વિપક્ષમાં નહીં પણ શાસક યુતિમાં બેઠા છે. આનાથી તો તેમના સમર્થકો જ મૂંઝારો અનુભવે છે.

એક મતદાર તરીકે આપણે માત્ર નિરવ શાંતિ અથવા તો અસહ્ય ઘોંઘાટમાંથી જ કોઈ એક સ્થિતિના સાક્ષી બનવું પડે છે. અંતે રાજકારણ પ્રજા માટે છે તો પછી તેમાં પ્રજા પ્રત્યે ઉદાસીનતાને કોઈ સ્થાન જ હોવું ન જોઈએ. આમઆદમીની સાથે જોડાયેલાનું જ સક્રિય રાજકારણમાં સ્થાન છે. માનવ વર્તણૂંકનો અભ્યાસ કરનારા સામાજિક વિજ્ઞાનીઓ કહી ચૂક્યા છે કે, સંવેદના વિના બુદ્ધિ અર્થહિન છે અને આ બોધપાઠ આપણા રાજકારણીઓએ આત્મસાત કરવાની જરુર છે. આમ નહીં થાય તો એક દિવસ એવો આવશે કે ચૂંટણી સભાઓમાં તેઓ બરાડા પાડતા રહેશે પણ સામે તેમનો અવાજ સાંભળનારું કોઈ નહીં હોય.

(લેખિકા અંગ્રેજી સમાચાર ચેનલ એનડીટીવીના ગ્રુપ એડિટર છે.)

રેસીપી

Beauty tip-: નારંગી, લીંબુ અને અનારની છાલને તડકામાં સુકવી વાટી નાખો. તેમાં નારિયેળનું તેલ મીક્ષ કરી માથામાં લગાવવાથી ખરતા વાળમાં રાહત મળે છે અને વાળમાં શાઈનીંગ આવે છે.

પીચ પેરેડાઈઝ

સામગ્રીઃ- ૧ પેકેટ સ્ટ્રોબરી જેલી,
૧/૪ લીટર (૨૫૦ ગ્રામ) દૂધમાં કસ્ટર્ડ બનાવવું
૧/૪ લીટર (૨૫૦ ગ્રામ) ક્રીમ
૨ કપ પીચ પ્યુરી અથવા કોઈપણ ફ્રુટનો પલ્પ
૩૦ ગ્રામ જીલેટીન. ૨ ચમચી પાણીમાં ઓગાળવું.
૧ ચમચો પીસ્તા કાપેલા.
ખાંડ સ્વાદાનુસાર

રીતઃ સ્ટેપ ૧ઃ- જેલીના પેકેટ પર લખેલી સુચના મુજબ જેલી તૈયાર કરો. તેમાંથી થોડી જેલી મોલ્ડ કે કોઈપણ બાઉલમાં નાખી સેટ થવા દો.
સ્ટેપઃ ૨ઃ- કસ્ટર્ડ, ક્રીમ, જીલેટીન અને પીચ પ્યુરી અથવા કોઈપણ ફ્રુટના પલ્પને સારી રીતે ફેટો ઘટ્ટ થવા આવે ત્યાં સુધી ફેટો. ઘટ્ટ થઈ જાય તો જેલી મોલ્ડને આ મીક્ષ્ચરથી અડધો ભરી દો. સેટ થવા ફ્રીજમાં મુકો.
સ્ટેપઃ ૩ઃ- સેટ થઈ જાય તો ફરીથી તેની ઉપર જેલી રેડો સેટ થવા ફ્રીજરમાં મુકો.
સ્ટેપઃ ૪ઃ- ફરીથી બાકીના કસ્ટર્ડવાળું મિશ્રણ તેની ઉપર નાખો અને સેટ થવા ફ્રીજમાં મુકો. બરાબર સેટ થઈ જાય તો પીસ્તાની કતરણથી સજાવી. ઠંડું સર્વ કરો.

Cookingwise tip-: કેકને બનાવતી બખતે તેમાં ૧ ચમચી ગ્લીસરીન નાખવાથી કેક મુલાયમ અને સ્પોન્જી બને છે.

શિખંડ

સામગ્રીઃ- ૫૦૦ ગ્રામ દહીં,
ખાંડ સ્વાદાનુસાર
૩થી ૪ વાટેલી ઈલાયચી
થોડુંક કેસર
૨૦૦ ગ્રામ મલાઈ (મરજીયાત) ગાઢી.

રીતઃ સ્ટેપ ૧ઃ- દહીંને વોયલના કપડામાં બાંધી લટકાવી દો. કે જેથી બધુ પાણી/છાશ નીકળી જાય. તેમાં ખાંડ સારી રીતે મીક્ષ કરો. ઈલાયચી અને કેસર અને ગાઢી મલાઈ મીક્ષ કરો. શીખંડ તૈયાર છે.

શેફટીપઃ- વેરીએશન માટે. મનગમતા ફ્રુટ, વેનીલા, ચોકલેટચીપ્સ કાપેલી ચેરી અને અખરોટ વગેરે નાખી શકાય છે.

Storewse tip ચોમાસામાં બીસ્કીટ હવાઈ ન જાય તે માટે rocksaltને મસલીનના કપડામાં બાંધી બીસ્કીટના ડબ્બામાં મુકો.

ફિલ્મ નેટ

એમને સમજતું નથી જેથી બંને જણ ઘર છોડીને મુંબઈ આવી જાય છે. શેખર તો પહેલેથી જ મુંબઈમાં જ નોકરી કરતો હતો. એ જ્યારે ગામમાં કોઈ પ્રસંગ માટે ગયો હતો ત્યારે એને વરસાદમાં વીજળી સમાન બુરખામાંથી નીકળતા સાયરાબાનુના મુખને જોયું હતું અને એ પછી પ્રેમ અને પછી મુંબઈ જઈને એ એક પત્ર સાથે સાયરાબાનુને મુંબઈની ટિકિટ મોકલે છે. ગીત 'તુહી રે.....વરસાદ અને પ્રેમને સચોટ રીતે દર્શાવતું ગીત છે. ફિલ્મના મિલન અને વિરહ બન્ને મુખ્ય પ્રસંગો એ વરસાદ એનું રોલ બખુબી નિભાવે છે. વરસાદનો આવો જ રોલ ફિલ્મ સિર્ફ તુમમાં પણ જોવા મળ્યો હતો, ઈમેલ દ્વારા પ્રેમમાં પડેલાં દિપક (સંજય કપૂર) અને આરતી (પ્રિયા ગિલ) એ ક્યારેય એકબીજાને જોયા નથી. આરતી દિપકને મળવા શહેર આવીને એની ઓફિસે જાય છે, પણ ત્યાં દિપક એને મળતો નથી પણ એના મિત્રના ઘરનું એડ્રેસ લઈને એ શોધખોળ આરંભે છે. વરસતા વરસાદમાં આરતી રઝળપાટ શરૂ કરે છે. જે જોઈને રિક્ષાવાળો એની મદદ કરે છે જ્યારે આરતીના વરસાદમાં ખરાબ થાય છે. ત્યારે એ રિકશાવાળો આરતીને પોતાના ઘરે લઈ જઈને કપડા બદલવાની સગવડ કરી આપે છે. કપડા બદલીને હતાશ થઈને આરતી ટ્રેનમાં બેસીને પાછી જવાની તૈયારીમાં હોય છે ત્યારે પ્લેટફોર્મ પર ઉભેલા રિકશાવાળા પર કોફી ઢોળાય છે. તે શર્ટ કાઢે છે અને નીચે જે ટીશર્ટ પહેરી હોય છે એ, એજ ટીશર્ટ હોય છે જેની પર હાથથી દિપકનું ચિત્ર બનાવીને આરતીએ મોકલાવ્યું હતું. ફિલ્મમાં જો વરસાદ ન હોત તો આરતી ના કપડાં ખરાબ ન થતા અને રિક્ષાવાળો એને મદદ પણ ન કરતો એથી વરસાદની મદદથી જ આ બે જીવો એકબીજાને મળી શક્યા, વરસાદે આપણી બોલીવૂડ ફિલ્મોમાં શરૂઆતથી આજ દિન સુધી મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

સ્પોર્ટ્સ

સચિનની કારકિર્દીનો સુવર્ણકાળ શરૂ થયો હતો ત્યારે તેને આ એવોર્ડ અપાયો હતો. રસપ્રદ બાબત તો એ છે કે સચિનને આ એવોર્ડ આપ્યાને બાર વર્ષ જેવો લાંબો સમય વીતી ગયો છે ત્યારે હજુ આજે પણ સચિન એટલી જ શાનદાર રમત બતાવી રહ્યો છે કે તેને બીજી વખત આ એવોર્ડ આપવો પડે ! સચિન બાદ બીજો ક્રિકેટર આપણા કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની છે. વર્ષ ૨૦૦૭માં જ્યારે તેણે નવોદિત ટીમ સાથે સૌ પ્રથમ વખત આયોજિત પ્રથમ ટી-ટ્વેન્ટી વર્લ્ડકપમાં પ્રેરણાદાયી નેતૃત્વ પૂરું પાડીને ભારતને વર્લ્ડ ચેમ્પિયન બનાવ્યું તેની આ સિદ્ધિને અનુલક્ષી આ એવોર્ડ એનાયત કરાયો હતો.

અન્ય ખેલાડીઓની માફક સાઈનાએ પણ એવોર્ડ મેળવવા જેવો શાનદાર દેખાવ કર્યો છે. સાઈનાની આ સિદ્ધિ એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કે તેણે એવી રમતમાં ભારતનું નામ રોશન કર્યું છે કે જેમાં ભારતનો ભૂતકાળ એકાદ-બે અપવાદોને બાદ કરતાં ઉજ્જવળ નથી. સામાન્ય રીતે બેડમિન્ટન પર ચીન, જાપાન, કોરિયા, મલેશિયા કે ઈંગ્લેન્ડના ખેલાડીઓ વર્ચસ્વ ભોગવતા આવ્યા છે. આ દેશો તેમના ખેલાડીઓ તૈયાર કરવા દરેક પ્રકારનું પ્લેટફોર્મ પૂરું પાડે છે ત્યારે આ ખેલાડીઓને પાછળ રાખી દઈને વિશ્વમાં નં.૨ ખેલાડી બનવું તે કોઈ નાની માના ખેલ નથી.

સાઈના તથા તેના માતા - પિતાએ આ સિદ્ધિ સુધી પહોંચવા ભારે સંઘર્ષ કરેલો છે. પિતા હરવીરસિંહ નેહવાલ તથા માતા ઉષાએ પોતાની દીકરી ખેલાડી તરીકે તૈયાર કરવા ખૂબ ભોગ આપેલો છે. માતા ઉષા ખુદ એક સારી બેડમિન્ટન પ્લેયર રહી ચૂકી છે. સાઈનાને તૈયાર કરવામાં તેના કોચ પુલેલા ગોપીચંદનો મહત્વપૂર્ણ ફાળો છે. તેના પુલેલા ગોપીચંદ નિજમાગુડા ફાઉન્ડેશન બેડમિન્ટન એકેડમીમાં સાઈના દરરોજ ૧૧ કલાકથી પણ વધુ સમય પ્રેકટિસ, કસરત પાછળ ગાળે છે. જેનું ફળ તેને મળ્યું છે.

૨૦૦૮માં વર્લ્ડ જુનિયર ચેમ્પિયન બની વિશ્વ સ્તરે સૌ કોઈનું ધ્યાન ખેંચનાર સાઈનાએ ૨૦૦૯માં ઈન્ડોનેશિયા ઓપન સિરીઝ પ્રથમવાર જીતી અને આ વર્ષે જૂનમાં ઈન્ડિયા ઓપન ગ્રા.પ્રિગોલ્ડ, સિંગાપુર ઓપન સિરીઝ અને ફરી ઈન્ડોનેશિયા સુપર સિરીઝ જીતી તરખાટ મચાવી દીધો. હવે તે આવો જ તરખાટ આગામી કોમનવેલ્થ અને એશિયાઈ ગેમ્સમાં મચાવે તેવી શુભેચ્છા સહ ખેલરત્ન એવોર્ડ જીતવા બદલ અભિનંદન!

દસ્તક

જાય એનું નામ પ્રેમ. વરસાદ સહિયારાપણાનો અવતાર છે. પ્રેમ સહિયારાપણાનો પર્યાય છે. સંબંધનું સત્ય સમજતાં આવડે તો પ્રેમનો ધર્મ આપોઆપ સમજાઈ જાય. આપણો સાથી આપણી સાથે ન હોય અને છતાંય એનો સથવારો મળતા રહ્યાની અનુભૂતિ થયા કરે એનું નામ પ્રેમ. પોતાના અહેસાસ પર જીવવાનું છોડી, પારકાના અભિપ્રાય પર જીવવાનું શરૂ કરીશું, એ જ ક્ષણે આપણો પ્રેમ મુરઝાઈ જશે.... મુરઝાઈ જતાં પ્રેમને બચાવી લેવો હોય તો વરસતા વરસાદ પાસેથી સદાકાળ ભીંજાતા રહેવાનો આશીર્વાદ મેળવી લેવો!

'શબ્દપ્રીત' કહે છેઃ
"આપણે પથ્થર બનીને પણ તરસતાં શીખશું
હો ભલે ને જાત ઝાકળ સમ; વરસતાં શીખશું"

ટહુકો

લોગ હાથો મેં લિયે બૈઠે હૈ અપને પિંજરે,
આજ સૈયાદ કો મહફિલ મૈં બુલા લો યારો;
કૈસે આકાશ મેં સુરાખ નહીં હો સકતા,
એક પથ્થર તો તબિયતસે ઉછાલો યારો;

- દુશ્યંત કુમાર